તા. **24-08-2024**

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 24-08-2024** **સવારે : 7.10 થી 7.20**

**વાર : શનિવાર**

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

---

- ✓ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર ખાતે 310 કરોડ રૂપિયાના 30 વિકાસ પ્રકલ્પોનું ખાતમૂર્હુત અને લોકાર્પણ કરશે.**
- ✓ **રાજ્ય સરકારે ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે.**
- ✓ **નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગુજરાત સહિત પાંચ રાજ્યોની ગ્રામીણ બેન્કોની કામગીરીની સમીક્ષા કરી. - ગ્રામીણ બેન્કોને અદ્યતન ટેકનોલોજી સાથે વધુ ગ્રાહક અનુકૂળ બનાવવા નિર્દેશ આપ્યા.**
- ✓ **હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી - સુરત માટે અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું**
- ✓ **મલેશિયામાં રમાયેલી ટેકવાડો સ્પર્ધામાં તાપીના 3 વિદ્યાર્થીઓએ સુવર્ણચંદ્રક મેળવ્યા.**

........................................................................................................

## CM Bhavnagar

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર ખાતે 310 કરોડ રૂપિયાના 30 વિકાસ પ્રકલ્પોનું ખાતમૂર્હુત અને લોકાર્પણ કરશે.

તા. 24-08-2024

સમય : સવારે 7.10

મુખ્યમંત્રી 1892 આવાસોનું લોકાર્પણ, બે ફાયર ફાયટર વાહનોનું લોકાર્પણ, વિવિધ ડ્રેનેજ કામોનું ખાતમૂર્હુત ગાર્ડન બ્યુટીફિકેશન વિગેરે સહિત 30 વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂર્હુત કરશે. આ સાથે અલંગ ખાતે મુખ્યમંત્રીનો અભિવાદન અન સન્માન સમારોહ યોજાશે.

.....................................................................

## RAHAT PACKAGE

રાજ્ય સરકારે ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. ગઈકાલે વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ રાહત પેકેજની જાહેરાત કરી છે.

તેમણે કહ્યું કે, રાજ્યના ૪૫ તાલુકાઓનો ૪ લાખ છ હજાર ૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારના આશરે એક લાખ પચાસ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, અસરગ્રસ્ત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણ મુજબ, પાક નુકશાની માટે સહાય અપાશે. આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર લેખે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં સહાય ચૂકવવા પાત્ર રકમ ૩ હજાર ૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩ હજાર ૫૦૦ ચૂકવાશે.

.....................................................................

## Nirmala Sitharaman

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના અધ્યક્ષ સ્થાને ગુજરાત, મહારાષ્ટ્ર,ન મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનની નવ પ્રાદેશિક ગ્રામીણ બેંકોની કામગીરીની સમીક્ષા કરવા તાજેતરમાં એક બેઠક યોજાઇ હતી.

તા. **24-08-2024**

સમય : સવારે 7.10

નાણાકીય સેવાઓ વિભાગના સચિવ, અધિક સચિવ, વરિષ્ઠ અધિકારીઓ, પ્રાદેશિક ગ્રામીણ બેંકોના અધ્યક્ષ, પ્રાયોજક બેંકોના વહીવટી વડાઓ, રિઝર્વ બેંક, નાબાર્ડ અને SIDBIના પ્રતિનિધિઓ તથા ૫ રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકનું પ્રતિનિધિત્વ ચેરમેન શ્રી એસ સત્યનારાયણ રાવે કર્યું હતું

આ બેઠકમાં નાણામંત્રીએ પડકારરૂપ ભૌતિક કનેક્ટિવિટી ધરાવતા પ્રદેશોમાં સુસંગત રહેવા માટે ગ્રામીણ બેંકોને અદ્યતન ટેકનોલોજી ધરાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તથા RRB ને વધુ ધિરાણનો પ્રસાર કરવા માટે તેમના સારા CASA રેશિયોનો લાભ લેવા નિર્દેશ આપ્યો હતો.

શ્રીમતી સીતારામને ગ્રામીણ બેંકોને તેમની પ્રવૃત્તિઓ સાથે સુસંગત MSME ધિરાણ યોજનાઓ તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો અને ગ્રામીણ બેંકોને ગ્રાહકોને વધુ અનુકૂળ બનવા અને તેમના પ્રદર્શનને વધુ બહેતર બનાવવા માટે તેના સ્થાનિક જોડાણનો લાભ લેવા પણ નિર્દેશ આપ્યો હતો.

...................................................................

# IMD AGAHI

ગુજરાતમાં આગામી ચાર દિવસ દરમિયાન કેટલાંક વિસ્તારોમાં અતિભારે, જ્યારે કેટલાંક સ્થળોએ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે..

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે જેમાં સુરતમાં અતિભારે વરસાદ વરસે તેવી પણ શક્યતા દર્શાવીને રેડ એલર્ટ જાહેર કર્યુ છે..જ્યારે આજે સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલીમાં અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

જ્યારે મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાત સહિતના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી પણ કરવામા આવી છે. જ્યારે આવતીકાલે વલસાડ અને દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ જાહેર કરીને અતિભારે વરસાદની શક્યતા દર્શાવી છે.

તા. **24-08-2024**

સમય : સવારે 7.10

અમરેલી, ભાવનગર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાજ્યના અન્ય સ્થળોએ ભારે વરસાદ વરસે તેવી શક્યતા દર્શાવી છે..

........................................................................

## Varsad

દરમિયાન ઉત્તર તથા મધ્ય ગુજરાતના અનેક જીલ્લાઓમાં ગઈકાલે ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો.

અરવલ્લી, ખેડા, પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પાટણ શહેર આસપાસના વિસ્તારોમાં ગઈકાલે એક ઈંચ જેટલો વરસાદ પડતાં લોકોને ગરમીમાંથી રાહત મળી તો ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

દાહોદ જિલ્લાના કંજેટા પાનમ નદીના પટમાં ફયાસેલા છ લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, નદીના પટમાં પાણીનો પ્રવાહ વધતાં ટેકરી પર છ લોકો ફસાયા હોવાની જાણ થતાં વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરાઈ અને છ લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સરદાર સરોવર બંધની સપાટીમાં વધારો થતાં નવ દરવાજા ખોલી 95 હજાર ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવ્યું હતું. નદીકાંઠાના વિસ્તારોના ગામોને સાવચેત કરાયા હતા. ઉકાઈ ડેમમાં પાણી આવક વધતાં ડેમના આઠ દરવાજા ખોલવામાં આવ્યા છે. જેના પગલે નદી કિનારા ગામોને સાવચેત કરાયા છે.

........................................................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abadને ફોલો કરી શકશો.

........................................................................

તા. 24-08-2024

સમય : સવારે 7.10

## DYSP Sameer Sharda Dwarka

રાજ્યભરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણીની તૈયારીઓ જોરશોરથી કરાઈ રહી છે. કૃષ્ણ જન્મને વધાવવા લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. રાજ્યભરના કૃષ્ણ મંદિરોને રોશની અને ફૂલોથી શણગારાયા છે.

જન્માષ્ટમી અનુસંધાને જગત મંદિર દ્વારકાને ભવ્ય રોશની થી શણગારવામાં આવ્યું છે. દૂર-દૂરથી લોકો મંદિરની ધ્વજાના દર્શન કરી શકે તે માટે વિશેષ લાઇટિંગ કરાયું છે. સાથે લોકોની સુવિધા અને સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થાઓ કરાઈ છે. આ વિષે વધુ માહિતી આપે  છે, દ્વારકાના DYSP સમીર શારદા

(ઓડિયો – ડીવાયએસપી, સમીર શારદા, દ્વારકા)

………………………………………………………………

## Rajkot Melo

રાજકોટ ખાતે આજથી ધરોહર લોકમેળાનો પ્રારંભ થશે. આ લોકમેળાના ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા, મંત્રી શ્રી કુંવરજી બાળળીયા, ભાનુબેન બાબરિયા ઉપસ્થિત રહેશે.

વહીવટી તંત્ર દ્વારા લોકોની સુવિધા અને મનોરંજન માટે લોકમેળામાં વિવિધ વ્યવસ્થાઓ કરાઈ છે. મેળામાં ત્રિ-દિવસીય ડાયરાનું પણ આયોજન કરાયું છે. જેમાં જાણીતા કલાકારો ભજન અને હાસ્ય કાર્યક્રમો રજૂ કરશે. લોકોની સુરક્ષા માટે 1,266 જેટલા પોલીસ જવાનો, સીસીટીવી કેમેરા સહિતની વ્યવસ્થા કરાઈ છે.

………………………………………………………………

## TAPI- KARATE MEDAL

મલેશિયામાં રમાયેલ આંતરરાષ્ટ્રીય ટેકવાન્ડો ઓપન ચેમ્પિયનશીપમાં તાપીના ત્રણ વિદ્યાર્થીઓએ સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે. વ્યારાના ઈવા પટેલ, કુશ ઠાકોર તેમજ ત્રિશા સાલ્વેએ સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા.

તા. **24-08-2024**

સમય : સવારે 7.10

**અલગ અલગ વર્ગમાં કુલ પાંચ જેટલા ચંદ્રકો મેળવી આ ત્રણેય વિદ્યાર્થીઓએ તાપી જિલ્લાનું નામ રોશન કર્યું છે.. આ અંગે સુવર્ણ ચંદ્રક વિજેતા ત્રીસા સાલ્વેએ વધુમાં જણાવ્યું .**

**(ઓડિયો - ત્રિસા સાલ્વે-ભાગ લેનાર ગોલ્ડ મેડલ વિજેતા)**

**..........................................................................**

## Tennis

**ડેવિસ કપ ટેનિસ સ્પર્ધામાં ભારતીય પુરુષ ટીમમાં રાજ્યના આર્યન શાહની રીઝર્વ ખેલાડી તરીકે પસંદગી કરાઈ છે.**

**પ્રથમવાર રાજ્યનો કોઈ ખેલાડી ડેવિસ કપ ટીમ સાથે પ્રવાસ ખેડશે. ભારતીય ટીમ 14 અને 15 સપ્ટેમ્બરે સ્વિડનના સ્ટોકહોમમાં યજમાન ટીમ સામે ટકરાશે. ઉલ્લેખનીય છે કે, આર્યન, અંડર-18માં ભારતનો નંબર-વન ખેલાડી રહી ચુક્યો છે. તથા જુનિયર લેવલે ચારેય ગ્રાન્ડ સ્લેમમાં ભાગ લઈ ચુક્યો છે.**

**..........................................................................**

## IN. NATIONAL EARTH SCIENCE OLYMPIAD

રાજકોટના પાટણવાવ ગામનાં રૂદ્ર પેથાણીએ ચીનના બેઇજીંગ ખાતે યોજાયેલ ૧૭મી આંતરરાષ્ટ્રીય પૃથ્વી વિજ્ઞાન ઓલિમ્પિયાડમાં જુદી-જુદી ત્રણ કેટેગરીમાં સુવર્ણ, રજત અને કાંસ્ય એમ કુલ ત્રણ ચંદ્રક જીત્યા છે. આ ઓલિમ્પિયાડ માટે દેશમાંથી કુલ ૪ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. તેમાં ઓલિમ્પિયાડમાં રૂદ્રને “થિયરી અને પ્રેક્ટિકલ, પૃથ્વી વિજ્ઞાન પ્રોજેક્ટ, આંતરાષ્ટ્રીય  ટીમ ફિલ્ડ ઇન્વેસ્ટિગેશન” એમ જુદી-જુદી ત્રણ શ્રેણીમાં ચંદ્રકો પ્રાપ્ત થયા હતા. ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ અર્થ સાયન્સ ઓલિમ્પિયાડ એ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની રીચઆઉટ  યોજના હેઠળનો સૌથી સફળ વિદ્યાર્થી-કેન્દ્રિત કાર્યક્રમ છે. જેનો ઉદ્દેશ ટીમ વર્ક, સહયોગ, વિચારોનું આદાનપ્રદાન અને સ્પર્ધા દ્વારા પૃથ્વી વિજ્ઞાન વિશે જાગૃતિ લાવવાનો છે.

**..........................................................................**

તા. 24-08-2024

સમય : સવારે 7.10

# National Space Day-Guj.

રાજ્ય સહિત દેશભરમાં ગઇકાલે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, 23 ઓગસ્ટ 2023એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-3નું સોફ્ટ લેડિંગ કરીને ભારતે ઇતિહાસ રચ્યો હતો. જેની ઉજવણીના ભાગરૂપે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી.

રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીના ભાગરૂપે ભાવનગર જિલ્લાના તળાજાં તાલુકામાં કેન્દ્રીય સંચાર બ્યુરો, ક્ષેત્રિય કાર્યાલય, જુનાગઢ દ્વારા ફોટો પ્રદર્શન સહિત વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું. આ પ્રદર્શન પૂર્વે વિભિન્ન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

વડોદરામાં પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્વ સમજાવીને અવકાશ સંબંધિત જાણકારી આપવામાં આવી.

આણંદના હાડગુડ ગામની પીએમશ્રી સ્કૂલમાં રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી. પોરબંદરમાં કેન્દ્રીય વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું હતું. બાળકોએ અવકાશ અને ચંદ્રયાનના મોડેલ-ચિત્રો બનાવ્યા હતા. પાટણ સાયન્સ સેન્ટર ખાતે વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ, મોડેલ મેકિંગ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વર્કશોપ સહિત વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. જેમાં સાત જિલ્લાના 508 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

.............................................................................